# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

હાથ છુટ્ટો રાખવાથી એટલું સાબિત થયું
હા, મળે છે આપવાથી એટલું સાબિત થયું

સાવ બરછટ મારા ચહેરામાં, બીજો ચહેરોય છે
તારી સાથે ચાલવાથી એટલું સાબિત થયું

સુખ પ્રખર સૂરજ બન્યું ને જીવ સૂકાતો ગયો
ફેર પડશે નહિ દવાથી- એટલું સાબિત થયું

ક્યાંક શ્રદ્ધા પણ હશે ઘરના કોઇ ખૂણે હજુ
બારણા પર શ્રી-સવાથી એટલું સાબિત થયું

- નીરજ મહેતા

## પાથેય

- રમેશ ઠક્કર

# સાબિતીની આપવીતી...

બંધીયારપણું બોજ બની જતું હોય છે. જે મજા ખુલ્લાપણામા છે એની વાત જ અનોખી છે આપણે જ્યારે ખૂબ મોટી રીતે અથવા તો વ્યાપક પરિપ્રેક્ષ્યમાં વિચારીએ છીએ ત્યારે જગતની વ્યાપકતા સમજાય છે.આ બાબત ત્યારે જ અનુભવી શકાય કે જ્યારે આપણે એને વ્યવહારમાં મૂકી શકીએ.માણસ કેટકેટલી શરતો સાથે કે સમાધાન સાથે જીવતો રહે છે.એ જાણવું ખરેખર રસપ્રદ બની રહે છે.આપણું સંકુચિત મન એવું માને છે કે આપણે જ્યારે કોઈકને કશુક આપીએ ત્યારે આપણી પાસેથી એ ઓછું થતું હોય છે.આ કેવળ ભૌતિક માપદંડ હોય છે એ આપણે ભૂલી જઈએ છીએ. વાસ્તવમાં જોઈએ તો કોઈકને કશુક આપવાથી કે જગત માટે પ્રદાન કરવાથી આપણી ખુશીઓમાં અનેક ગણો વધારો થતો હોય છે.આવો આનંદ આપણને લેતાં આવડવો જોઈએ.આપણે એ વાત માનવા તૈયાર નથી.ખુશીઓનું ગણિત એવું છે કે એમાં એક વત્તા એક એવો સીધો હિસાબ હોતો નથી.એમાં એક આપો તો સામે અનેક મળે એવો ચમત્કાર હોય છે.ધરતીનું જ ઉદાહરણ લો..એકાદ અનાજનો દાણો એમાં ધરતીમાં ધરબાઈને અસંખ્ય કણસલા આપે છે. ખરેખર આપણે આવી સાબિતીઓ નજર સામે રાખીએ તો જ આપણને ખુશીઓનો સાચો મર્મ સમજાય છે.

કોઈકની સાથે જીવવાનો એક આનંદ હોય છે.સંબંધ એક તરફી ના હોવો જોઈએ.એમા એકમેક માટે સ્વાર્પણની ભાવના મહત્વની છે.માણસ હંમેશા શરતી સબંધોમાં માને છે.હકીકતમાં રિલેશન એ કોઈ કન્ડિશનમાં? બંધાતો હોતો નથી.એવા સંબંધો પોકળ જ હોઈ શકે.કોઈકની સાથે ચાલતાચાલતા ઓતપ્રોત થઈ જવાનું હોય છે કે આપણા આપણાં ચરણો એકમેકના પૂરક બની? જાય.કવિ સરસ.રીતે કહે છે..એક ચહેરા ઉપર બીજો ચહેરો સહજ છવાઈ જાય એનું નામ જ આત્મીયતા.

આપત્તિઓ આપણને ઘેરો ઘાલે છે ત્યારે એકસામટી આવે છે. એમાંથી બચવું ઘણીવાર કઠિન હોય છે.ધગધગતો સુરજ જ્યારે તાપ અને તડકાથી ત્રસ્ત કરી નાખે છે ત્યારે ધરતી ઉપર જીવવું દુષ્કર બની જાય છે.ચોતરફ તકલીફોનું ઝુંડ જ્યારે ઘેરી વળે ત્યારે આપણા કોઈપણ સુખ કે કોઈપણ દવા એ માટે કારગત નિવડતા નથી.એ માટે જરૂરી છે કોઈકના આશીર્વાદ કે કોઈકની દુઆ. માણસ તરફથી જે નિર્વ્યાજ લાગણી મળે છે એ જ મુશ્કેલી સામે અસરકારક રીતે કામ આવતી હોય છે.

આપણે હંમેશા કોઈપણ વસ્તુની રૂપેરી કોર જોવી જોઈએ.જગતમાં જે સારું છે એના જ ગુણગાન ગાવા જોઈએ.અંધકાર આખી દુનિયામાં લપેટાયેલો છે એમાં કશું નવું નથી.અંધકારની સામે જ્યારે કોઈ ઝળહળ તો સૂર્ય આવશે ત્યારની વાત જુદી..પરંતુ એ દરમિયાન કોઈ એકાદ નાનકડો દીવો કે નાનકડો પ્રકાશપૂંજ જો એને ખાળવાનો પ્રયત્ન કરે તો એ પણ બિરદાવવા લાયક ઘટના હોય છ. આખું ઘર ભલે ગમે તે વિચારો સાથે જીવતું હોય પરંતુ ઘરના તોરણ ઉપર શ્રી અથવા શુભ લાભ લખેલું હોય તો પણ એટલું તો આશ્વાસન મળી જ શકે કે એમાં રહેનારની દ્રષ્ટિમાં ક્યાંક ને ક્યાંક મંગલ ભાવના પડેલી છે ! આવી આશાઓ રાખવી એનું નામ જ હકારાત્મકતા.

# "કોઈ વાત ચિત્તમાં બેસી જાય ત્યારે એ સાચી પડતી હોય છે"

સૌરાષ્ટ્રના એક ગામડામાં વાંચનભુખ્યા એક બાળકને કોઈ જુના 'સ્કોપ' મેગેઝીનના થોડા અંકો આપે છે. આ બાળક જન્મોની ભૂખ ભાંગવાની હોય એમ એ મેગેઝીનો પર તૂટી પડે છે. શુદ્ધ વૈજ્ઞાનિક અનેક લેખો મળે છે જેમાં સબમરીન, એ જમાનાના આધુનિક પ્લેન્સ, અને એવી અનેક બાબતોના લેખોમાંથી એક લેખનું વિષયવસ્તુ એના ચિત્તમાં બેસી જાય છે. એ લેખ છે કોઈ 'હેમ રેડિયો' નામના ઇલેક્ટ્રોનિક સાધન પર. એ લેખમાં લખેલું હતું કે માત્ર દસ ધોરણ પાસ પણ ભારત સરકારની એક સામાન્ય પરીક્ષા આપીને 'હેમ' બની શકે છે. એ લેખમાં લખેલું કે હેમ રેડીયોની પરીક્ષા પાસ કર્યા બાદ એક લાયસન્સ મળે અને એ લાયસન્સના આધારે આપણે પોતાના ઘરે એક સસ્તું વાયરલેસ ઉપકરણ રાખીને રાજ્યના, દેશના અને વિશ્વના કોઈ પણ ખૂણે બીજા હેમ સાથે મફતમાં વાતો કરી શકે, મિત્રતા કરી શકે. એ જમાનામાં ટેલિફોન પણ લકઝરી હતા તો મોબાઇલની તો કલ્પના પણ નહોતી કોઈને. વાયરના કનેક્શન વગર માત્ર વાયરલેસ સેટથી જ વાત થાય એવું સૌ જાણતા હતાં. એ જમાનામાં અજાણ્યા લોકો સાથે બીજા દેશોમાં સાવ અજાણ્યા લોકો સાથે મિત્રતા માત્ર 'પેનફ્રેન્ડશિપ' દ્વારા થતી. પેનફ્રેન્ડશિપના મેગેઝીન આવતા અને એમાં છપાયેલા નામ અને સરનામા પર પત્રવ્યવહાર થતો. પણ આ હેમ બનવું એટલે શું ?



એ છોકરાને કિશોરાવસ્થા અને યુવાવસ્થાની દરેક રાત્રે પોતે હેમ રેડિયો ઓપરેટ કરી રહ્યો છે અને દેશ વિદેશના બીજા હેમ રેડિયો વાળા મિત્રો સાથે મૈત્રી કેળવી રહયો છે એવા સપના આવતા. જ્યારે કોઈ વાત ચિત્તમાં બેસી જાય ત્યારે એ સાચી પડતી જ હોય છે. અસ્તિત્વના આ સિદ્ધાંત મુજબ એ ગામડિયા છોકરાનું હેમ રેડીયોનું સપનું ગુજરાતના ભયાનક ભૂકંપ બાદ સાકાર થયું. ગુજરાતમાં એ પહેલાં થોડા હેમ રેડિયો ઓપરેટર હતા પણ એ લોકો હેમરેડીયોને એકસલુઝીવ બનાવીને બેઠેલા. પરંતુ ૨૦૦૧ના ભૂકંપની તબાહીમાં કમ્યુનિકેશન ગેપ પુરવા માટે ગુજરાતના હેમ ઓછા પડયા અને આખા ભારતમાંથી હેમ રેડિયો ઓપરેટર્સ બોલાવીને કામ કરવુ પડ્યું. ડિઝાસ્ટરના સમયે સૌથી મહત્વની એવી સંચાર પદ્ધતિ એટલે કે ટેલિફોન સેવા ધ્વસ્ત થઇ જાય, અને અસરગ્રસ્ત વિસ્તારના વહીવટી તંત્ર સાથે વાત ન થઈ શકે ત્યારે રાજ્ય સરકાર તરફથી સહાય મોકલવાનું અઘરું બની જાય. આવા સમયે હેમ રેડિયો એક એવું સંચાર માધ્યમ છે જેને ઈલેક્ટ્રિસિટી કે કોઈ દોરડા કે કોઈ ટાવરની જરૂર નથી પડતી. હેમ રેડિયો માત્ર એક બેટરી અને બે લાંબા તરના બનેલા હાઈટ પર લગાવવામાં આવેલા એક એન્ટનાથી સમગ્ર દેશમાં ક્યાંય પણ કોઈ પણ બીજા હેમ રેડિયો ઓપરેટર સાથે વાત કરી શકે છે.

ભૂકંપ બાદ ગાંધીનગરમાં સચિવાલયના આઈએએસ ઓફિસર એસ.કે. નંદા અને ગાંધીનગરના તત્કાલીન એસ.પી. ઈ. રાધાકૃષ્ણને ગાંધીનગરમાં વસતા બે વરિષ્ટ હેમ અને શ્રી જગદીશભાઈ પંડયા અને શ્રી પ્રવીણ વલેરાને સાથે રાખીને ગુજરાતમાં હેમ રેડિયો ક્ષેત્રે યુવાનોને તૈયાર કરવા માટે "ગુજરાત ઇન્સ્ટિટ્યૂટ ઓફ એમેચ્યોર રેડીયો" એટલે કે ચૈંછઇ નામની સંસ્થા સ્થાપી. આ સંસ્થા પેલા ગામડિયા છોકરાના સપના સાકાર કરવાનું માધ્યમ બની. સંસ્થામાં જોડાઈને હેમ રેડિયોની તાલીમ લીધી. જો કે આ છોકરો મૂળ તો સાહિત્યનો માણસ એટલે ફિઝિક્સના કાળા અક્ષર ભેંસ બરોબર ! છતાં અંદર છાતીમાં ધરબાયેલું સપનું એટલું પ્રબળ કે આ બધા નડતર વચ્ચે જેમ તેમ કરીને હેમ રેડીયોની પરીક્ષા પાસ કરીને હેમ રેડીયોનું લાયસન્સ લઇ લીધું. એ સમયે ચૈંછઇ એ પોતાની પાસેના હેમ રેડીયોના વોકિટોકી આપેલા. આપણા ગામડિયા છોકરાએ લાયસન્સ મળ્યા બાદની સવારે પહેલી વાર હેમ વોકિટોકી સેટ હાથમાં લીધો, થોડી વાર ભીની આંખે જોઈ રહ્યો, સેટ ઓન કર્યો . . . હેમ રેડીયોની સવારની ઓન એર ડેઈલી મીટમાં ચાલતી વાતોમાં પ્રોટોકોલ મુજબ ગેપમાં કોલ આપ્યો 'સી.ક્યુ. ધિસ ઈઝ વી.યુ.થ્રી.ડી.જે.ટી.' આ હેમ નેટના લીડ ઓપરેટરે એ છોકરાને માઇક આપ્યું. ધ્રૂજતી આંગળીઓએ વોકિટોકીની પી.ટી.ટી. સ્વિચ પ્રેસ કરીને બોલવાનું ચાલુ કર્યું . . . "ગુડ મોર્નિંગ ટુ ઓલ ફ્રેન્ડસ ઇન ગાંધીનગર મોર્નિંગ નેટ . . . ધિસ ઈઝ ધિસ ઈઝ વી.યુ.થ્રી.ડી.જે.ટી." અને એ સાથે જ કિશોરે રાત્રે જોયેલા સપનાઓ એની આંખમાંથી ટપકેલા હરખના આંસુઓ સાથે સાકાર થયું.




હેમ રેડીયોમાં એક્ટિવ આ ગામડિયા છોકરાએ ત્યાર બાદ પાછું જોયા વગર જ ૨૦૦૫ની સુનામીમાં અંદામાન ખાતે, ૨૦૦૬માં સુરતના પુરમાં, ૨૦૧૪માં નોલોફર સાયકલોનમાં, ૨૦૧૫માં નેપાળ ભૂકંપ અને ૨૦૨૧ના તૌક તે વાવાઝોડામાં હેમ રેડીયોની અતિ આવશ્યક સેવાઓ જાનના જોખમે પણ આપેલી. અંદામાન જતા પહેલા ગુજરાત વિધાનસભાના માજી અધ્યક્ષ સ્વ. શ્રી મંગળદાસ પટેલ એમને મળીને શુભેચ્છા આપતી વખતે રડી પડેલા અને કહેલું "ધર્મેન્દ્રભાઈ, તમે સૌ આવા જોખમી સમયે જ્યારે લોકો અંદામાનથી ભાગીને અહીં આવે છે અને તમે ત્યાં સુનામીના જોખમમાં સામેથી સેવા આપવા જઈ રહયા છો. તમે સૌ સાજા સારા પરત આવો એવા આશીર્વાદ."

આ હેમ રેડીયોની દર વર્ષે નેશનલ કોન્ફરન્સ યોજાય છે. આ વર્ષની કોન્ફરન્સ મૈસુર ખાતે હતી અને એ કોન્ફરન્સમાં નક્કી થયું કે આવતા વર્ષની હેમફેસ્ટ ગુજરાતમાં ગાંધીનગર ખાતે યોજાશે. આજની જાત સાથે વાતમાં હેમ રેડીયોનો પરિચય આપાવાનું કારણ એ કે ગાંધીનગરમાં કોઈ બાળક જો બંધ આંખે આવું કોઈ સપનું સંગીપીને બેઠું હોય તો . . .

**હેન્ડબ્રેક :**

"તિવ્રત્તમ રીતે જોવાયેલા સપના, દિલમાં સંઘરી રાખો, સાકાર થશે જ."

- ધ.ત્રિ.

djtrivedi@yahoo.com
- 9978405967

# 'મીઠી નીંદરથી જાગીએ ને જવાબદારી યાદ આવે મોટા થવામાં બાળપણ ખોવાઈ જાય એમ પણ બને'
# 'કંઇક પામી લેવાની લાયમાં કુમળું જીવન પથ્થર થઈ જાય ને મિત્ર મળે રસ્તામાં ને એ રસ્તો સુંવાળો બને એમ પણ બને'

બાળક એટલે નિર્દોષ, સાથે નટખટ અને તોફાની પણ. નાનપણની વાત વાગોળતા જ એ ધીંગા મસ્તી, એ રિસાયાની વાત, એ પડ્યા, ભાગ્યા, આળોટ્યાની વાત, યાદ આવે છે.

પણ બાળપણ એટલે શું ? શું આપણે ખરેખર આપણા બાળકને એનું બાળપણ માણવા દઈએ છીએ.

કે આપણી ફાસ્ટ થતી જતી લાઇફમાં એમનું બાળપણ પણ આપણે છીનવી રહ્યાં છીએ.

બાળપણ એટલે મિત્રો સાથે ધીંગા મસ્તી.

બાળપણ એટલે તો વગર ટેન્શને મુક્ત પણે ગમે તે વાત પર હસી પડવું, કિટ્ટા બુચ્ચા, અને પરીઓના દેશ માં, કાર્ટૂનની દુનિયામાં પહોંચી જવું.

પણ આજે તો બાળક સહેજ કંઇક તોફાન કરે, કોઇક પ્રશ્નો કરે, જમવા બેસે નહી તો મા એને તરત જ મોબાઈલ હાથમાં આપી દે.

મિત્રો સાથેની સાચી રમત, એ સહેવાસ અને એ મુક્ત હાસ્ય આપણે ગુમાવી ચુક્યા છીએ.

આપણે પણ મુક્ત પણે હસી શકતા નથી અને આપણા આસપાસના વાતાવરણને પણ હસવા દેતા નથી.

એ નિર્દોષતા પાછી લાવવી આપણા જ હાથમાં છે. પણ આપણે ખોઈ બેઠાં છીએ કઈક મેળવી લેવાની લહાયમાં.

નાનપણની રમતમાં અંચાઇ કરતા આપણે જિંદગી સાથે જ અંચાઇ કરતા થઇ ગયા.

સૃષ્ટિનો દરેક જીવ એક સમયે બાળ અવસ્થામાં હોય છે. માણસ હોય કે પશુ પક્ષી દરેક જાતિઓને બાળપણના તબક્કામાથી પસાર થાય છે.

આ અવસ્થાને માણી લેવી એ જ ખરું બાળપણ છે.

બાળકને દુઃખની કે કોઈ સુખની ખબર હોતી નથી, ના કે દોસ્ત કે દુશ્મન હોય છે , ના કોઈ ગેમ પ્લાન, ના ઈર્ષા.

બસ કિટ્ટી બુચ્ચા માં મજા હોય છે., ના કોઈ પોલિટિક્સ ના કોઈ સાહિબ ગીરી કે કોઈ સ્વાર્થ.

ક્ષણે ક્ષણે આપણે લથડિયા ખાઈને જીવવનનો આનંદ ખોઈ બેઠાં છીએ.

પણ બાળક લથડિયા ખાતું ચાલવા લાગે ત્યારે જ તેના જીવનની મસ્તીની શરૂઆત થતી હોય છે.

પા પા પગલી માંડતું એ ધીમે ધીમે સ્વતંત્ર રીતે પગલાં ભરી ચાલવા લાગે છે.

પણ !દેશના કેટલાય બાળકોની સ્વતંત્રતાની આયુ એમની આયુ કરતાં પણ ટૂંકી થઈ જાય છે.

એમાં તમે અને હું અને આપણા બાળકો પણ ક્યાંક આવી જ ગયા.

આપણે આપણા બાળકોને બાળક બની ને નથી રહેવા દેતા તો આપણે આપણા પોતાનામાં એ બાળપણ કેમના લાવી શકીશું.

બાળપણ, યુવાની ગુમાવી એ ભોળપણ ગુમાવ્યું અને મેળવ્યું શું.

આ કરાય ના કરાય, લોકો શું કહેશે એમાં જ અપડેટ થવાની લ્હાયમાં આપણે જિંદગીને માણવાનું ભુલી ગયા છીએ.

નાની નાની સમસ્યાઓ નો મોટો ભાર ઉપાડીને ફરીએ છીએ, પણ આપણે જો આપણામાં બાળક જીવંત રાખી શક્યા હોત તો વાગે, પડીએ, ભાંગીએ સમસ્યાઓથી ત્યારે કીડી મરી ગઈ એમ બોલી એટલીજ સરળ સહજતાથી પીડા ભુલી શક્યા હોત.




આપણે પોતે અનેક પ્રેસર લઈને ફરીએ છીએ અને આપણા બાળકોને પણ એજ પાસ આઉટ કરતા આવીએ છીએ.

શું આપણે બાળકોને બાળકો જ રહેવા દઈશું ,એમને કામના ભારણ અને ભણતરના ભારથી દુર કરી શકીશું . વધુ પડતા ભારણમાં વિકાસ અટકી જાય છે આપણો અને આપણા બાળકોનો પણ

જો આ શક્ય બનશે તો જ તેમનો યોગ્ય વિકાસ થઈ જશે.

વધુ રોકટોક કરવાથી અને જવાબદારી આપી દેવાથી બાળકો કુંઠિત મનના અને ઉગ્ર સ્વભાવવાળા થઈ જાય છે.

બાળકોને આઝાદી, ચંચળતા અને મજાક મસ્તી આપીએ સાથે આપણે પણ બાળકો જેવા બનીએ.

શૈશવાવસ્થા ત્રણ વર્ષની ઉંમરમાં સમાપ્ત થાય છે, ત્યારે બાળક પોતાની પાયાની જરૂરિયાતો માટે માતા-પિતા પર ઓછું નિર્ભર રહેવા લાગે છે, પરંતુ અમુક વર્ગ ના લોકોમાં આથી ઉલટું થાય છે, શિક્ષણ અને વ્હાલ, વાત્સલ્ય તો દુર રહ્યું પરંતુ આર્થિક રીતે પગભર ના થઇ શકનાર મા-બાપ પોતાના બાળકને નાના ભાઈ બહેન ને સાચવવા, પોતાના વ્યવસાયમાં અથવા છૂટક મજૂરીમાં કે ઘરકામમાં ધકેલી દેતા હોય છે.

એ વાર્તા, બગીચા અને એ કુદરતનું સાનિધ્ય માણીએ.

દરેક બાળકોને સારી સારી વાર્તાઓ, બગીચાઓ, સારુ ભણતર અને કુદરતનું સાંનિધ્ય આપીએ નહીં કે કામનું ભારણ.

મારાં મતે તો પ્લે ગ્રુપ અને નર્સરીમાં મુકાતા અઢી, ત્રણ વર્ષના બાળકો ઝેક એન્ડ જીલ જેવા ભણતરની મજૂરીએ મોકલતા હોય એવું જ લાગે છે.

સ્પેન જેવા દેશમાં બાળક ૮ વર્ષનો થાય ત્યારે એને સ્કૂલે મોકલાય છે અને ખરી વાત તો એ છે કે ત્યાં કોઈ ખાનગી સ્કૂલ જ નથી. અને જાણવા જેવી વાત છે કે બધા બાળકો અવલ્લ નમ્બરે પાસ થાય છે. એની જગ્યાએ આપણે ત્યાં હરણ ફાળ હરિફાઈ અને ખાનગી ટ્યુશન અને બીજા ભણતર ના અધધ બોજ..

ચાલો ને આપણે બોજ છોડીને બાળક બની જઈએ.

આ જીવનને જીવી લઈએ.

છેલ્લે આપણે ધીંગામસ્તી અને દોડાદોડી કયારે હતી. યાદ નથી ને... તો પાછલી જિંદગીમાં યાદ રહે અને જિંદગી જીવવા જેવી બની રહે એ માટે આજથી જ બાળક બનીએ.

Parulamit198@gmail.com
૭૨૦૧૦૦૧૪૮૨

# ગુજરાતી રંગભૂમિ : ફરી સક્રિય થઈ રહી છે




કોરોનાકાલથી એટલે કે લાંબા સમયથી ગુજરાતી રંગભૂમિ નિષ્ક્રિય થઈ ગઈ હતી. અન્ય ઉદ્યોગો કે થિયેટરમાં ફિલ્મો પણ રાબેતા મુજબ શરુ થઈ ગઈ હતી. પણ રંગભૂમિને શરુ થવાનો મેર મળતો નહોતો. પરંતુ છેલ્લા એક મહિનાથી ગુજરાતી રંગભૂમિ પર વ્યવસાહિક નાટકો અને પ્રયોગશીલ નાટકો જોવા મળે છે.

અમદાવાદમાં જશવંત ઠાકર મેમોરિયલ અત્યંત સંક્રિય છે. અદિતિ દેસાઈના દિગ્દર્શન હેઠળ અગાઉ સફળતાપૂર્વક ભજવાયેલું 'અકૂપાર' નાટકના ફરી પ્રયોગો શરુ થયા છે. ધ્રુવ ભટ્ટની એજ નામ પર આધારિત આ નાટક ગીરના જંગલની આરપાર આપણને લઈજાય છે. આ અદિતિ દેસાઈએ હાલમાં એક નવું નાટક પણ નિર્માણ કર્યું છે, 'પત્રમિત્રો' બે પાત્રો ખુરશી પર બેસીને પત્ર વાંચે છે. ચિરાગ વોરા અને દેવકી એમાં અભિનય કરે છે. નૌશિલ મહેતા લિખિત અને દિગ્દર્શક આ નાટકના પણ પ્રયોગો થઈ રહ્યા છે. અગાઉ આ જ નાટકમાં અદિતિ દેસાઈ ભૂમિકા ભજવતા હતા. એ આર. ગુર્નીતા 'લવલેટર્સ' પર આધારિત આ નાટક ફારુક શેખ અને શબાના આઝમી અભિનિત 'કુમારી અમૃતા' ની યાદ અપાવે છે. ફિરોઝ ખાન દિગ્દર્શિત આ નાટક પણ ખૂબ જ વખણાલેલું અને એના ઘણા બધા પ્રયોગો પણ થયા હતા.

અમદાવાદમાં ઉપાસના પરફોર્મિંગ આર્ટ્સ સ્કૂલ દ્વારા પ કશુંક નવું થતું રહે છે. આદિવાસી કલાઓના મહોત્સવન અંતર્ગત 'કનસરી'ની રજૂઆત થઈ હતી. ડાંગના ડાહ્યાભાઈ વાઢુએ કનસરીની કથાઓનું પુનઃલેખન કર્યું અને પી.એસ. ચારીના




દિગ્દર્શનમાં એના પ્રયોગો પણ થયા. આદિવાસી કથાઓનો આ રીતે રજૂ કરવાનો પ્રયોગ પણ નવતર હતો. પી.એસ. ચારી આપણા એક મહત્ત્વના નાટ્ય દિગ્દર્શક છે. અને સતત કશુંક નવું કરવાની મથામણ રહેતી હોય છે.

રામ મોરી લિખિત અને અભિનિત બેન્કર દિગ્દર્શિત અભિનિત 'વીજળી' પણ રજૂ થયું. રામ મોરી ઉપરાંત જાણીતા ગાયક આદિત્ય ગઢવી પણ એમાં અભિનત કરે છે. ગુણવંતલાલ આચાર્યની નવલકથા 'હાજી કાસમ તારી વીજળી' પર આધારિત આ નાટકો પણ ઘણી ચર્ચા જગાવી છે અને નાટ્યરસિક પ્રેક્ષકોમાં ઉત્કંઠા જગાડી છે.

ગુજરાતી રંગભૂમિ ફરી ધીરે ધીરે સક્રિય થઈ રહી છે. એનો આનંદ છે. પ્રયોગશીલ નાટકો કરવા માટે જાણીતા મનોજ શાહ મુંબઈના પૃથ્વી ફેસ્ટિવલમાં પોતાની સર્જન પ્રક્રિયાની વાત કરશે સાથે સાથે નવું નાટક 'માય એપલ' પણ રજૂ કરશે. ગત વર્ષે મનોજ શાહ પાસેથી એકપાત્રીય અભિનય નાટકો પ્રયોગશીલ ધોરણે મળ્યા હતા અને એમાં પ્રતીક ગાંધી અભિનિત 'મોહનનો મસાલો'ની ખાસ્સી ચર્ચા થઈ હતી.

નાટ્યપ્રેમી તરીકે આપણે એ વાતનો આનંદ લેવો જોઈએ કે ગુજરાતી રંગભૂમિ ફરી સક્રિય થઈ હતી.